# મારું સાચું કુટુંબ

--ડૉ. યાસીન દલાલ

મારું બાળપણ વીશીષ્ટ સંજોગોમાં વીત્યું છે. મારો જન્મ ૧૯૪૪માં ઉપલેટા ખાતે થયો હતો. મારા દાદા ઉપલેટાના નગરશેઠ કહેવાતા. જે શેરીમાં અમે રહેતા તે દલાલ શેરી તરીકે ઓળખાતી.

અમારું કુટુંબ ગર્ભશ્રીમંત હતું. બર્મામાં અમારો ધીકતો વેપાર હતો. રંગુન, ટ્વોય અને માંડલે ખાતે અમારી પેઢીઓ હતી. રંગુનની પેઢી મારા પીતાજીના નામ ઉપરથી અહમદ કંપની તરીકે ઓળખાતી. દર વરસે કે બે વરસે મારા દાદા અથવા પીતા દેશ આવતા ત્યારે બે-ચાર રેંકડીઓ ભરીને માલ લાવતા. મારા ઉછેર માટે એક ખાસ કામવાળી રાખવામાં આવી હતી, જેનું નામ લગભગ આયેશા હતું. બાબાગાડીમાં મને હંમેશાં એ ફરવા લઈ જતી. મેં બાળપણમાં જેટલી ફીલ્મો જોઈ હતી એ કામવાળીની કંપનીમાં જોઈ હતી. મને યાદ છે ત્યાં સુધી 'દર્દ' અને 'શહેનાઈ' મેં જોયેલી પ્રથમ ફીલ્મો હતી. અત્યારે મારી પાસે જુની ફીલ્મોનો જે ખજાનો છે એમાં આ બંને ફીલ્મો જોઉં છું ,ત્યારે અતીતરાગનો હુમલો આવે છે અને હું ભાવવીભોર થઈ જાઉં છું.

એવામાં કુટુંબ ઉપર અચાનક આપત્તી આવી. બીજું વીશ્વયુદ્ધ શરુ થયું. જાપાને બર્મામાં ઠેર ઠેર બોમ્બમારો કર્યો, એમાં અમારી પેઢીઓને મોટું નુકસાન થયું. મોટાભાગના ભારતીયો બર્માથી ભાગીને આવતા રહ્યા. એમાં અમારો પણ વારો ચડી ગયો. ગર્ભશ્રીમંતમાંથી અમારું કુટુંબ નીમ્ન મધ્યમ વર્ગમાં આવી ગયું. મારા મોટા ભાઈ હબીબભાઈ અને ગફારભાઈ બર્મામાં હતા. એક મોટાભાઈ યાકુબભાઈ ચીતાગોંગ ( અત્યારે બાંગ્લાદેશ)માં હતા.'૪૭માં ભાગલા થયા, ત્યારે અમારી એક પેઢી સીંધમાં હૈદરાબાદમાં હતી. બીજી એક દુકાન સીંધમાં જ થરપારકરમાં હતી. એવામાં અચાનક ભારતના ભાગલા થયા. અમારું કુટુંબ મુસ્લીમ હતું; પણ મારા પીતા પ્રખર રાષ્ટ્રવાદી હતા. એટલે જેવા ભાગલા થયા એવા તરત જ દુકાનો બંધ કરી અને એ કરાંચી આવેલી એલચી કચેરીમાં ગયા. એલચી કચેરીમાં જવાબ મળ્યો કે મુસ્લીમો માટે તો પાકીસ્તાનની રચના થઈ છે. મારા પીતાએ સમજાવ્યું કે હું મુસ્લીમ જરુર છું; પણ અલગતાવાદી નથી. પ્રખર રાષ્ટ્રવાદી છું. બે દીવસ મારા બાપુજીએ ત્યાં જ સત્યાગ્રહ કર્યો અને ભારતનો વીઝા લઈને જ જંપ્યા.

આ પછી પીતાજીએ દેશમાં વીમાનો વ્યવસાય અપનાવ્યો. ગામમાં સુખનાથ રોડ પર એક ઑફીસ લીધી . જીવનવીમા ઉપરાંત સામાન્ય વીમાનું કામ શરુ કર્યું. એ જમાનામાં ન્યુ એશીયા ઓરીએન્ટલ તથા લાયુનીયન જેવી કંપનીઓની બોલબાલા હતી. ધનપતીમાંથી દુકાને દુકાને જઈને વીમો લેવાની વીનંતી કરવાનું એમને શરુઆતમાં ભારે લાગ્યું હશે; પણ ધીમે ધીમે એમને એ કોઠે પડી ગયું. સમગ્ર શહેરમાં એ નંબર વન વીમા એજન્ટ બની ગયા. એમના ગ્રાહકોમાં ઑઈલમીલના માલીકોથી લઈને સામાન્ય દરજી સુધીના લોકોનો સમાવેશ થતો હતો. આ ગ્રાહકોની સંગતે એમને બીલકુલ બીનસાંપ્રદાયીક બનાવી દીધા.

બીજી બાજુ મારાં બા અત્યંત ધાર્મીક અને રુઢીચુસ્ત સ્વભાવનાં હતાં. રમઝાનના બધા દીવસ ઉપવાસ કરતાં. નવરાશના સમયમાં એ કુરાનનું વાચન કરતાં. એમની આ ધાર્મીકતા ધીમે ધીમે સંકુચીતતામાં ફેરવાતી ગઈ. મારું મન ભણવામાં હતું. પાંચ ધોરણ સુધી હું મદરેસામાં ભણ્યો.પણ મદરેસામાં ૮મા ધોરણ પછી ભણવાની સુવીધા નહોતી. મારે મેટ્રીક સુધી ભણવું હતું. એટલે મેં સાર્વજનીક સ્કુલમાં પ્રવેશ લીધો. સ્કુલમાં પ્રવેશ મેળવનાર હું પ્રથમ મેમણ વીદ્યાર્થી હતો. સ્વાભાવીક રીતે મારા સહાધ્યાયીઓમાં પટેલ, વાણીયા, બ્રાહ્મણ અને લોહાણા મુખ્ય હતા. એ લોકો મારે ઘરે આવે એની સામે મારાં બાને અણગમો હતો. એ દરેક વસ્તુને ધર્મના માપદંડથી જ માપતાં. એ મને વારંવાર મસ્જીદમાં જવાનું કહેતાં. મારું મન ઉદારમતવાદી હતું. એ કદી કોઈ ચોક્કસ ધર્મના સાંકડા દાયરામાં બંધાતું નહીં. પરીણામે બા અને મારી વચ્ચે સંઘર્ષનો આંતરપ્રવાહ રચાઈ ગયો.

વીધીની વક્રતા એ હતી કે હું ધોરણ એકથી પીએચ.ડી.સુધી હંમેશાં ભણવામાં પ્રથમ ક્રમ લેતો. મને અનેક સ્કૉલરશીપ અને ફેલોશીપ મળી ચુકી છે. એસ.એસ.સી.માં હું સમગ્ર શહેરમાં પ્રથમ આવ્યો. એ બદલ મારા અત્યંત પ્રીય અભીનેતા બલરાજ સહાની તરફથી 'બંસરી-બાળા' કપ એનાયત થયો હતો.

હવે જ ખરી વાત આવે છે. ઈન્ટર પરીક્ષા પાસ કરીને હું એસ.વાય.બી.એ.માં આવ્યો ત્યારે અચાનક મારાં બાએ મારાં ભાભીને મુકવા માટે ચાંદા રવાના કર્યો. મને એમ કે ચાંદાથી હું તરત પાછો આવીશ. પણ ત્યાં પહોંચતાં જ મારા મોટાભાઈ યાકુબભાઈએ બાનો પત્ર બતાવ્યો. જેમાં લખ્યું હતું કે, 'યાસીન ખુબ બગડી ગયો છે. એટલે તું તારી દુકાને લગાડજે. હવે ઉપલેટા મોકલતો નહીં.' પણ સંજોગવશાત્ જે પ્રેમ બા ન બતાવી શક્યાં એ મોટાભાઈએ બતાવ્યો. એમણે બાને જવાબમાં લખ્યું કે, 'યાસીન સ્નાતક થવાના અડધે રસ્તે આવી ગયો છે. અહીંથી એને ઉઠાડી લેશો તો એનાં બે વરસ નકામાં જશે. એટલે બે વરસ એમને ભણવા દો. તો ગ્રેજ્યુએટ થઈ જશે. આગળનો વીચાર પછી કરશું.' હું ઉપલેટા પાછો આવ્યો અને એસ.વાય.બી.એ.માં જોડાઈ ગયો. ફરીથી ટી.વાય.બી.એ.માં એ જ રામાયણ શરુ થઈ. મારાં બાએ કહ્યું કે, 'કાં તું અભ્યાસ પસંદ કર કાં ઘર છોડી દે.' આ ઘટના સંગીતકાર નૌશાદ જેવી જ છે. નૌશાદને એના રુઢીચુસ્ત પીતાએ આમ જ કહ્યું હતું કે, 'કાં સંગીત અને કાં ઘર, બેમાંથી એકની પસંદગી કર.'

મેં અભ્યાસની પસંદગી કરી. ઘર છોડી દીધું. સરસ્વતીચંદ્રની જેમ મેં ગૃહત્યાગ કર્યો. અમદાવાદ જવાનું નક્કી કર્યું; પણ અમદાવાદની ટીકીટના પૈસા કાઢવા ક્યાંથી ? ત્યારે જ ઉપલેટામાં મારાં મોટાં બહેન આવ્યાં હતાં. એ કરોડપતી હતાં. પણ મારાં આશ્ચર્ય વચ્ચે એમણે રુ. ૨૫ જેટલી મામુલી રકમ આપવાની ના પાડી. મેં ભારે હૈયે 'બંસરી-બાળા' કપ વેચી દીધો. ત્યારે જાણે મારા કાળજાના કટકા થઈ ગયા. હું અમદાવાદ જઈને પ્રા.દીનેશ કોઠારીને ત્યાં ઉતર્યો. 'કુમાર'માં નોકરીમાં લાગ્યો. બચુભાઈ રાવતની ઑફીસમાં ત્યારે દર સપ્તાહે 'બુધવારીયું' ભરાતું. શ્રી રઘુવીર ચૌધરી, શ્રી મણીભાઈ દેસાઈ અને શ્રી પ્રીયકાંત મણીયાર જેવા કવીઓ પોતાની કવીતાઓ લઈને આવતા. શ્રી ચૌધરી ત્યારે કવી હતા. પણ મને થોડા જ સમયમાં 'હોમ સીકનેસ'નો હુમલો આવ્યો. બચુભાઈ રાવત એ પામી ગયા. એમણે મારા જીવનમાં એક મોટું કામ કર્યુ. ઉપલેટાની હાઈસ્કુલના આચાર્ય શ્રી રીખવદાસ શાહ ઉપર એક ચીઠ્ઠી લખી આપી અને પોતાની શાળામાં શીક્ષકની નોકરી આપવાની ભલામણ કરી. તે જ રીતે કૉલેજના આચાર્ય શ્રી જીતેન્દ્ર જેટલી ઉપર ભલામણ લખી કે એ કોઈપણ જાતની ફી વીના મને કૉલેજમાં પ્રવેશ આપે. બંને મુરબ્બીઓએ એ ભલામણ સ્વીકારી.આમ જે પ્રેમ મને કુટુંબમાંથી ન મળ્યો તે બહારથી મળ્યો.ત્યારથી સતત મારો અનુભવ આ જ છે. આ અર્થમાં *વસુધૈવ કુટુંબકમ્* ની ઉક્તી મારા જીવનમાં સો એ સો ટકા સાચી ઠરી. હું ખુબ સારા ગુણ સાથે સ્નાતક થયો. ૧૮ વરસની ઉંમરે મેં શીક્ષકની કારકીર્દી શરુ કરી. એમ.એ. થવા માટે હું રાજકોટ આવ્યો. નોકરી મળી એટલે કુટુંબે મારો ફરીથી સ્વીકાર કરી લીધો. રુ.૧૫૦ના પગારમાંથી રુ.૧૪૦ હું ઘરમાં આપી દેતો. આ કટોકટી કાળમાં મારા બે મીત્રોના પપ્પા મને ખુબ કામમાં આવ્યા. અમારા ફેમીલી ડૉક્ટર રતીભાઈ ટોળીયા અને જાણીતા વકીલ શ્રી હરીભાઈનો દીકરો પ્રફુલ્લ મારી સાથે ભણતો. હું એમના ઘરે અને છગન ડેડાણીયાના ઘરે અવારનવાર વાંચવા જતો.

હું અમદાવાદ ગયો એ પહેલાં ઘર છોડ્યું એ પછી બે દીવસ ઉપલેટામાં દેવજી ગોકળની પાનની દુકાનની ફુટપાથ ઉપર બે રાત સુતો . એ બે રાત હું કદી ભુલી શકીશ નહીં. કોઈ પથારી નહીં; ચાદર પણ નહીં અને ઓશીકું પણ નહીં. આજુબાજુમાંથી છાપાંના ટુકડા શોધીને કાગળ ઉપર સુઈ ગયો. મારા ઘરના સભ્યોએ હું ક્યાં છું, એની તપાસ પણ ન કરી. ઉપલેટા નાનું ગામ છે. દેવજી

ગોકળની પાનની દુકાન ગામની વચ્ચે આવેલી છે. અલબત્ત, મારા પીતાજીએ ચીંતા કરી હશે. ઘરના બીજા કોઈ સભ્યોએ મારી બીલકુલ ચીંતા કરી નહીં.

મારો નાનો ભાઈ અમારા ઘરમાં જ રહેતો હતો. હું ભણ્યો એનું અનુસરણ કરીને એ પણ ભણ્યો. પણ એની પાસેથી પણ મને ભાઈનો પ્રેમ ન મળ્યો. કુટુંબભાવનાનો પરીચય માત્ર મને મારા પીતા અને એક મોટાભાઈ પાસેથી થયો. મારા પીતા દીલથી ઈચ્છતા હતા કે હું ભણું અને આગળ આવું. સાતમા ધોરણમાં હું રખડપટ્ટીમાં પડી ગયો અને પરીક્ષા ન આપી શક્યો. મારું એક વરસ બગડ્યું, પણ મારા બાપુજીએ શાળાના આચાર્યને મળીને સાત-આઠની પરીક્ષા એકસાથે આપવાની મંજુરી મેળવી આપી. બંને પરીક્ષાઓ મેં તનતોડ મહેનત કરીને આપી અને બંનેમાં સારા ક્રમે ઉત્તીર્ણ થયો. બાપુજી મને હંમેશાં કહેતા કે, 'દીકરા, તારે ભણવું હોય એટલું ભણજે.' હું કહેતો કે મારે ભણીને કાં પ્રૉફેસર થવું છે અને કાં પત્રકાર થવું છે. હું બંને હોદ્દા મેળવી શક્યો. મતલબ કે પત્રકારત્વનો પ્રૉફેસર થયો. પણ મારા બાપુજી હું પ્રૉફેસર થયો એ જોવા જીવ્યા નહીં. આજ દીન સુધીમાં મેં પત્રકારત્વમાં પચાસ પુસ્તકો લખ્યાં છે. હું આત્મા-પરમાત્મામાં માનતો નથી; પણ મારા બાપુજી જીવતા હોત તો ખુશીથી ફુલ્યા ન સમાતા હોત. મને બીનસાંપ્રદાયીકતાનું જે શીક્ષણ મળ્યું તે પણ એમના તરફથી મળ્યું. કુલ અમે છ ભાઈઓ એમાંથી ચાર મોટાભાઈઓ દેશાવરમાં રહે. હું મોટો થયો એ પછી આ બધા ભાઈઓ વરસે બે વરસે માંડ ઉપલેટા આવે, એ સીવાય કુટુંબભાવના જેવું મેં કદી જોયું નથી. ઉપલેટાના મેમણોમાં થોડાં વરસો પહેલાં સુધી એવો રીવાજ હતો કે દીકરો એકલો કમાવા બહારગામ જાય, એની પત્ની અને બાળકો ઉપલેટામાં હોય. ધીમે ધીમે એ રીવાજ નાબુદ થયો.

મારા બધા ભાઈઓએ પોતપોતાના કુટુંબને નોકરીના સ્થળે બોલાવી લીધું. પછી એમનું ઉપલેટા આવવા-જવાનું ઓછું થઈ ગયું. નાનોભાઈ વીમા કંપનીમાં જોડાયો. એની પણ બદલી બહારગામ થતી રહી. આજે એ બેંગલોર રહે છે. મારાં બા દોઢ વરસ પહેલાં ગુજરી ગયાં. મારો નાનોભાઈ બે વરસ પહેલાં સુધી રાજકોટ હતો. પાંચ વરસ પહેલાં હું અકસ્માતે પડી ગયો. છતાં મેં મારાં બાને છેક સુધી સાચવ્યાં. મારો નાનો ભાઈ અને હું વારાફરતી બાને સાચવતા. મેં કદી યાદ નથી રાખ્યું કે મારાં બા એ કદી મને માની મમતા આપી નથી. મારા ઘરમાં ચારે બાજુ ફીલ્મોની રેકોર્ડ, કેસેટો અને પુસ્તકો જ પડ્યાં હોય. એમને એ કદી ગમે નહીં. એક વખત હું વીદેશ હતો, ત્યારે મારી પત્નીને તેણે કહ્યું કે, 'આ બધું તું ભંગારમાં વેચી નાખ, આ બધા પાપના ધંધા છે. યાસીન આવશે તો થોડા દીવસ ખીજાશે, પછી બેસી જશે'. મેં એમને સમજાવ્યાં કે, 'તમે ધર્મના નામે જે વાત કરો છો તે એવી નથી. ઈસ્લામમાં મુર્તી-પુજાની મનાઈ છે. એનો અર્થ આ નથી. તમે હજ યાત્રાએ ગયાં ત્યારે પાસપોર્ટમાં તમારો ફોટો નહોતો લગાવવો પડ્યો ?' પણ એમનું વ્યકતીત્વ આવી તાર્કીક દલીલોથી પર હતું.

હું આજીવન શીક્ષક અને અધ્યાપક રહ્યો છું. પત્રકારત્વના અધ્યાપક તરીકેની કારકીર્દીમાં મેં સેંકડો પત્રકારો તૈયાર કર્યા છે. આ બધા વીદ્યાર્થીઓએ મને હંમેશાં ભરપુર પ્રેમ અને આદર આપ્યાં છે. એ જ રીતે મારાં હજારો વાચકોએ પણ મને પત્રો અને ફોન દ્વારા અપાર પ્રેમ કર્યો છે, જે મને કુટુંબમાંથી ન મળ્યો એના કરતાં અનેક ગણો બહારની દુનીયામાંથી મળ્યો. આમ, કુટુંબની સાંકડી વ્યાખ્યામાંથી હું બહાર નીકળી ગયો અને કુટુંબનો અર્થ એ રીતે વીસ્તરતો ગયો. મારું સાચું કુટુંબ આ જ છે. ◆◆◆

--ડૉ. યાસીન દલાલ

સંપર્ક : **5**- સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, રાજકોટ-**360 007** ફોન : **(0281)257 5327**

ઈ-મેઈલ : nafisa_nd@yahoo.com

*(**'નવચેતન'** ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૦૬માંથી અને **'નયામાર્ગ'** ૧ જાન્યુઆરી ૨૦૦૭ના પાન નં ૨૦ ઉપરથી સાભાર..)*

'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકન: *મીત્ર* ***શ્રી. જુગલકીશોર વ્યાસ*** *(અમદાવાદ)* : *jjugalkishor@gmail.com અને j_jugalkishor@yahoo.co.in*
web site : http://jjkishor.wordpress.com

◆◆◆



## લેખક પરીચય

ડૉ.યાસીન દલાલનો સાચો પરીચય એમના લેખમાંથી મળી જ રહે છે. સને ૧૯૪૪માં ઉપલેટામાં જન્મેલા ડૉ. દલાલ છેલ્લાં ૧૪ વર્ષથી અસલ 'મીલાપ' જેવું, **'સૌજન્ય માધુરી'**નામનું એક 'ડાયજેસ્ટ' કોટીનું માસીક ચલાવે છે. વીચારશુન્યતાનાં અંધારાં ઉલેચનારું આ પ્રકાશન, રસીયા વાચક-વીચારક સમુદાયમાં શાલીનતાપુર્વક અને મધુરતાથી વીચારમોજાં જગાડતું રહે છે. તેમના સામયીકના નામ જેવો જ એમનો અંગતવ્યવહાર પણ સૌજન્યની માધુરીથી છલકતો -માનવતાપુર્ણ. પોતે પ્રખર રેશનાલીસ્ટ અને અંગતજીવનમાં એક અચ્છા રંગીન તબીયતના આનંદમાર્ગી સજ્જન.

પોતે હાડોહાડ પત્રકાર. સત્યવક્તૃત્વ એમનો પ્રધાન ગુણ. તેથી કેટલાકને તેઓ કડવા પણ લાગે. પણ આ સાફદીલ પત્રકારની કડવાશમાંય સત્યની મુળભુત મીઠાશ તો અદ્દભુત! તેથી જ દર શનીવારે 'ગુજરાત સમાચાર'માં વર્ષોથી પ્રકાશીત થતી એમની કટાર **'વીચાર વીહાર'**ના વાચકો આતુરતાથી શનીવારની રાહ જોતા હોય છે.

ડૉ. દલાલે ગુજરાતી વાઙ્મયને પત્રકારી સાહીત્ય-સામગ્રીથી સમૃદ્ધ કર્યું છે. ફીલ્મ અને ફીલ્મસંગીતના તેઓ પુરા રસીયા અને સમતોલ સમીક્ષક.

એક દુખદ અકસ્માતમાંથી તેઓ ઉગર્યા તો ખરા; પણ અર્ધ અપંગ અવસ્થા આવી પડી. આજે કેટલીક ખાસ્સી શારીરીક મર્યાદા છતાં; તેમના વીચાર-તેજમાં મંદતા પ્રવેશી નથી. લેખન, ચીંતન, સર્જન, પ્રવચન, પ્રકાશન, આતીથ્ય બધું જ યથાવત્...

ડૉ. દલાલે સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, રાજકોટમાં પત્રકારત્વ વીભાગના વડા તરીકે સુદીર્ઘ અને યશસ્વી સેવાઓ આપી છે. નવવીચારોથી સજ્જ, તેજ-તર્રાર, કોઈ ગુજરાતી યુવાપત્રકાર નજરે પડે તો માનજો કે તે કદાચ ડૉ. દલાલનો વીદ્યાર્થી હોઈ શકે..... ◆◆◆

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

માત્ર તેર માસના ગાળામાં **2,25,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com> **લેક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ **લેક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ-મહેફીલ**ના ચાર હજાર જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી તથા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી પણ સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

**શ્રી. પ્રવીણ વાઘાણી** (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતું **'માતૃભાષા'** માસીક પણ હવે ત્યાં મુકાશે.

**Kindly send your suggestions to**
**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com**



દર રવીવારે 'સન્ડે ઈ-મહેફીલ' મેળવવા લખો: uttamgajjar@hotmail.com